# SMCના 30 વોર્ડની આખરી મતદાર યાદી જાહેર કરાઈ

**40 સ્થળોએ નામની ચકાસણી કરી શકાશે**

સુરતઃ સુરત મહાનગરપાલિકામાં ચૂંટાયેલા પ્રતિનિધિઓની ટર્મ 11 માર્ચના રોજ પૂર્ણ થયા બાદ હવે ચૂંટણી પ્રક્રિયા ઝડપી બની છે. મ્યુનિસિપલ ઈલેક્શન વિભાગના 20 જેટલા અનુભવી અધિકારીઓની ટીમે સતત મહેનત બાદ તૈયાર કરેલી 30 વોર્ડની આખરી મતદાર યાદી 23 માર્ચના રોજ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવી હતી. આશરે 24.72 લાખ મતદારોની આ યાદી વિધાનસભાની યાદીના આધારે વોર્ડ વાઈઝ તૈયાર કરવામાં આવી છે. નાગરિકોની સુવિધા માટે તાપી ભવન અને તમામ વોર્ડ ઓફિસો સહિત શહેરના કુલ 40 સ્થળો પર આ યાદી પ્રદર્શિત કરવામાં આવી છે, જ્યાં લોકોના ભારે ધસારો જોવા મળ્યો હતો. વહીવટી તંત્ર દ્વારા આ યાદીને આખરી ઓપ અપાયા બાદ હવે આગામી દિવસોમાં ઓનલાઈન પણ જાહેર કરવામાં આવશે.

તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે જો કોઈ નાગરિકનું નામ વિધાનસભાની યાદીમાં હોય પરંતુ મનપાની આ યાદીમાં બાકાત રહી ગયું હોય, તો તેમણે જરૂરી પુરાવાઓ સાથે ઈલેક્શન વોર્ડ કચેરી ખાતે અરજી કરવાની રહેશે. મનપા આવી અરજીઓના આધારે નવી યાદી તૈયાર કરી ચૂંટણી પંચને મોકલશે અને ત્યારબાદ સુધારા સાથેની અંતિમ યાદી પ્રસિદ્ધ કરાશે. બીજી તરફ, રાજ્યની અન્ય મહાનગરપાલિકાઓ અને પંચાયતોની ચૂંટણીઓની જાહેરાત પણ ટૂંક સમયમાં થવાની હોવાથી રાજકીય પક્ષોમાં ભારે ચહલપહલ અને રણનીતિ ઘડવાનો દોર શરૂ થઈ ગયો છે. મતદાર યાદી જાહેર થતા જ સ્થાનિક રાજકારણમાં ગરમાટો આવી ગયો છે.

# વેસુની એસ.ડી. જૈન સ્કૂલની જમીન બોગસ મરણ દાખલાથી વેચાઈ હતી?

**મગદલ્લાના રહીશ અને પૂર્વ નૌસૈનિક હરિશ પટેલના આક્ષેપો**

**જમીન લેતી વખતે બોગસ પેઢીનામું અને ખોટા મરણ દાખલાનો ઉપયોગ કરાયો હતો**

સુરતઃ શહેરના પ્રાઈમ વિસ્તારમાં આવેલા વેસુ ચાર રસ્તા નજીકની જાણીતી એસડી જૈન મોડર્ન સ્કૂલની જમીન અંગે ગંભીર પ્રકારનો વિવાદ સામે આવ્યો છે. મૂળ માલિકીના દાવા સાથે એક પૂર્વ ભારતીય નૌસૈનિકે અરબો રૂપિયાની જમીન બોગસ પેઢીનામાના આધારે વેચાઈ હોવાનો ગંભીર આરોપ લગાવતા સમગ્ર મામલો ગરમાયો છે.

મગદલ્લા ગામના રહેવાસી અને ભારતીય નૌકાદળના નિવૃત્ત જવાન હરિશભાઈ વલ્લભભાઈ પટેલે આક્ષેપ કર્યો છે કે તેમની વડીલો પાર્જિત જમીનને ગેરકાયદેસર રીતે વેચી દેવામાં આવી છે. તેમના જણાવ્યા અનુસાર, વેસુ વિસ્તારમાં આવેલી નવી બ્લોક નં. 19, 20 અને 22માં કુલ અંદાજે 34,000 વાર જેટલી કિંમતી જમીન છે, જે તેમના દાદા નાથુભાઈ નરસિંગ પટેલની માલિકીની હતી. હરિશભાઈના કહેવા મુજબ, આ જમીનના ચાર કાયદેસર વારસદાર ભાણાભાઈ, વલ્લભભાઈ (હરિશભાઈના પિતા), મગનભાઈ અને લલિતાબેન હતા. પરંતુ વર્ષ 1988 દરમિયાન ભાણાભાઈ દ્વારા દેવરાજભાઈ જૈનને જમીનનો દસ્તાવેજ કરી આપતા સમયે બોગસ પેઢીનામું અને ખોટો મરણ દાખલો રજૂ કરવામાં આવ્યો હતો. હરિશભાઈએ જણાવ્યું કે દેવરાજ જૈને જમીનનો 50 ટકા હિસ્સો પોતાના નામે રાખ્યો હતો અને બાકીના 50 ટકા કમલાદેવી જૈનના નામે દાખલ કર્યા હતા. પછી કમલાદેવી જૈને પોતાનો હિસ્સો આનંદ જૈનને સોંપી દીધો હતો. આ સમગ્ર પ્રક્રિયામાં મૂળ વારસદારોને બાજુએ રાખીને ગેરકાયદેસર રીતે મિલકત હસ્તાંતરણ કરવામાં આવ્યું હોવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે.

### ન્યાય માટે સરકારી કચેરીઓના ચક્કર

પૂર્વ નૌસૈનિક હરિશભાઈ પટેલ છેલ્લા ઘણાં સમયથી ન્યાય મેળવવા માટે વિવિધ સરકારી કચેરીઓના ચક્કર કાપી રહ્યા છે. તેમણે આ મામલે ઊંડી તપાસ કરીને બોગસ દસ્તાવેજોના આધારે થયેલા સોદાને રદ કરવાની અને દોષિતો સામે કડક કાર્યવાહી કરવાની માંગણી કરી છે.

### પોલીસની ભૂમિકા ઉપર પણ ઊઠ્યા સવાલો

આ સમગ્ર પ્રકરણમાં માત્ર દસ્તાવેજી ગોટાળો જ નહીં પરંતુ પોલીસ તંત્રની કામગીરી ઉપર પણ ગંભીર સવાલો ઊભા થયા છે. આક્ષેપો મુજબ, જેતે સમયે ફરિયાદો છતાં પોલીસ દ્વારા પીડિતને યોગ્ય ન્યાય આપવામાં આવ્યો નહોતો. બદલેમાં બિલ્ડરો અને મૂડીપતિઓના પ્રભાવ હેઠળ રહી કાર્યવાહી કરવામાં ઉદાસીનતા દાખવાઈ હોવાનો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે.

# ઘોડદોડ રોડના તબીબના ઘરેથી ૧.૭૪ લાખ ચોરાયા

**મંદિરમાંથી ચાંદીની મૂર્તિ, રથ, વાસણો અને રોકડની ચોરી કરતા તસ્કરો કેમેરામાં કેદ**

સુરતઃ ઘોડદોડ રોડ ઉપર ધોળા દિવસે તસ્કરોએ બંગલાના મુખ્ય દરવાજાના તાળાં તોડી તસ્કરો ચાંદીની કિંમતી મૂર્તિઓ, પૂજાના વાસણો અને રોકડ રકમ મળી કુલ રૂ. ૧.૭૪ લાખની ચોરી કરી નાસી છૂટ્યા હતાં. આ ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ છે જેના આધારે ઉમરા પોલીસે ગુનો નોંધ્યો છે.

વેસુ જી.ડી. ગોયન્કા રોડ પર આવેલી ટોરેન્સ બિલ્ડિંગમાં રહેતા ૫૮ વર્ષીય તબીબ કેતનભાઈ હસમુખભાઈ શાહનો ઘોડદોડ રોડ સ્થિત સેન્ટ ઝેવિયર્સ સ્કૂલની પાછળ સુભાષનગર સોસાયટીમાં પણ બંગલો આવેલો છે. ગત તા. ૨૧મીના રોજ બપોરે ૪:૩૦ થી તા. ૨૨મીના બપોરે ૧:૩૦ વાગ્યાના સમયગાળા દરમિયાન જ્યારે બંગલો બંધ હતો, ત્યારે ત્રણ અજાણ્યા તસ્કરો દરવાજાનું તાળું તોડી ઘરમાં પ્રવેશ્યા હતા અને મંદિરને નિશાન બનાવ્યું હતું. તસ્કરો મંદિરમાંથી ચાંદીની ભગવાનની મૂર્તિ, ચાંદીનો રથ, પૂજામાં વપરાતા ચાંદીના ગ્લાસ, વાટકી, સિક્કા તેમજ રોકડા રૂ. ૧૩,૫૦૦ મળી કુલ રૂ. ૧,૭૪,૦૦૦ની મત્તા ચોરી કરી પલાયન થઈ ગયા હતા. તેમણે કરેલી ફરિયાદના આધારે ઉમરા પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

# ભ્રષ્ટાચાર માનવ અધિકારોનું હનન કરતું કાળચક્ર : કોર્ટ

**૧૪ વર્ષ પહેલાં લાંચ લેનાર આકારણી ક્લાર્કને ત્રણ વર્ષની સજા**

સુરતઃ સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોનનાં આકારણી વિભાગનાં ક્લાર્ક અશ્વિનભાઇ મોહનભાઇ પટેલને એસીબી કોર્ટનાં જજ કમલેશ પ્રજાપતિએ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ ની કલમ-૭ સજાને પાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવી ત્રણ વર્ષની સખત કેદની સજા અને દંડ ફટકાર્યો હતો. તેમજ આરોપીના જામીન રદ કરી કસ્ટડીમાં લેવાનો હુકમ કર્યો હતો. આ કેસની હકીકત મુજબ રાંદેર તાડવાડી પાસે રહેતાં ફરિયાદી હરિવદન રમણલાલ ગલિયાવાલાની ઉધના મેઇન રોડ મુગટ ડાંઇગની પાસે સાંઇબાબા કંમ્પાઉન્ડમાં ત્રણ દુકાનો આવેલી હતી. જે દુકાનોની આકારણી કરવા માટે સુરત મહાનગરપાલીકા સાઉથઝોનના આકારણી વિભાગના અશ્વિન પટેલનો સંપર્ક કરતાં આકારણી માટે વ્યવહારમાં રૂપિયા ૧૫ હજારની માંગણી કરાઈ હતી. રકઝકના અંતે વ્યવહારના રૂપાંચ હજાર આપવાના નક્કી થયાં હતા. ફરિયાદીને લાંચ આપવી ન હોવાથી એસીબીમાં ફરિયાદ નોંધાવી હતી. એસીબી પોલીસે તા.૧૦.૩.૨૦૧૩ ના રોજ છટકું ગોઠવી આરોપી અશ્વિન પટેલને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી એસીબી કોર્ટમાં ચાલી હતી. સરકાર પક્ષે એપીપી નિતીન ચોડવાડીયાએ હાજર થઈ ફરિયાદ પક્ષે દલીલો કરી હતી. બંન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપી અશ્વિનભાઇ પટેલને ત્રણ વર્ષની સજા ફટકારી હતી. કોર્ટે ચુકાદામાં નોંધ્યુ હતું કે ભ્રષ્ટાચાર એટલે જે પોતાના હકકનું નથી તે મેળવવા માટે કરેલા અનૈતિક પ્રયાસો, જેના કારણે દેશનું અર્થતંત્ર પાયમાલ થાય છે. ભ્રષ્ટાચાર એ દેશના નાગરિકોના મૌલિક અધિકારોને વિનાશ કરતું અને નાગરિકોના માનવ અધિકારોનું હનન કરતું કાળચક્ર છે. તેમજ લોકશાહીના મૂલ્યોને જડમૂળમાં નુકસાન કરતું પરિબળ છે.

## ઉગત ગામમાં આર્થિક સંકડામણમાં યુવકે ઝેર પીધું

સુરતઃ મૂળ ઓલપાડ દેલવાડા ગામના વતની અજય રાજેશભાઈ પટેલ (28 વર્ષ) હાલ રાંદેર ઉગતગામમાં આવેલ ગંગાનગર સોસાયટીમાં એક ભાઈ સહિતના પરિવાર સાથે રહેતો હતો અને બેનર બનાવવાનું કામ કરતો હતો. કાલે રાત્રે તેણે ઘરમાં ઝેર પી લીધું હતું. બનાવ અંગે પરિવારને જાણ થતાં તાત્કાલિક તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન આજે સવારે તેનું મોત થયું હતું.

## અમરોલીમાં ટેકો કાઢતી વખતે દીવાલ ધસી પડતાં યુવકનું મોત

સુરતઃ અમરોલીના બિઝનેસ પાર્કમાં બનેલી નવનિર્મિત દિવાલનો ટેકો કાઢતી વખતે ધસી પડતાં યુવકનું મોત નીપજ્યું હતું. મળેલી માહિતી મુજબ, મૂળ પશ્ચિમ બંગાળના વતની ક્રિષ્ના જોયદેવ દાસ (ઉ.વ.21) હાલ અમરોલી વિસ્તારમાં આવેલી નવનિર્મિત કર્મા બિઝનેસ પાર્કમાં મજૂરી કામ કરતો હતો. સોમવારે સવારે ક્રિષ્ના પાર્કમાં બનાવેલી દીવાલના લાકડાના ટેકાઓ કાઢી રહ્યો હતો. ત્યારે અચાનક નવી બનેલી દિવાલ તેના પર ધસી પડી હતી. તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું મોત થયું હતું.

## હોડી બંગલામાં પરિણીતાએ આઠ મહિનાની બાળકી સામે ફાંસો ખાધો

સુરતઃ હોડી બંગલામાં લગ્નના બે વર્ષમાં પરિણિતાએ આઠ મહિનાની બાળકી સામે ફાંસો ખાઇને આપઘાત કરી લીધો હતો. હોડીબંગલા સ્થિત ગોવાડીયા ફળિયામાં રહેતા સિદ્ધિકભાઈ ખટીક કતારગામ ખાતે નોનવેજની દુકાન ચલાવે છે. તેમના બે વર્ષ પહેલા 22 વર્ષીય સાદીયા સાથે લગ્ન થયા હતા. તેઓને સંતાનમાં એક આઠ મહિનાની પુત્રી છે. આજે બપોરે સાદીયાએ ઘરે પંખાના હુક સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જ્યારે પતિ સિદ્ધિકભાઈ પિતાને દુકાને મૂકી પરત ઘરે આવતા સમગ્ર ઘટનાની જાણ થઈ હતી.

## આજે સાંજે બીસીજીની ચૂંટણીનાં વિજેતાનું વિજયી સરઘસ

સુરતઃ સુરત જિલ્લા વકીલ મંડળ દ્વારા બાર કાઉન્સીલ ઓફ ગુજરાતની ચૂંટણીમાં વિજેતા થયેલાં સુરત જિલ્લા વકીલ મંડળનાં સભ્યોની જીતને ઉજવવા ઢોલ-નગારા સાથે ભવ્ય વિજય સરઘસનું આયોજન તા. ૨૪/૦૩/૨૦૨૬ મંગળવારનાં રોજ સાંજે પાચ કલાકે કરવામાં આવ્યુ છે. આ વિજય સરઘસ સુરત જિલ્લા ન્યાયાલય સંકુલ ખોડીયાર માતાનાં મંદિરથી શરૂ કરી, એમ.ટી.બી. કોલેજની સામે આવેલ ચોપાટી, અઠવાગેટ સુધી જશે.

**શિક્ષણ વિભાગનો મહત્ત્વનો નિર્ણય**

# સરકારી પ્રાથમિક શાળાઓમાં હવે દ્વિભાષી લિવિંગ સર્ટિ.

**ગુજરાતી સાથે અંગ્રેજીમાં પણ શાળા છોડ્યાનું પ્રમાણપત્ર મળશે**

સુરતઃ હવે સરકારી શાળા છોડતી વખતે વિદ્યાર્થીઓને આપવામાં આવતું L.C. (શાળા છોડ્યાનું પ્રમાણપત્ર/વયપત્રક) ગુજરાતી ભાષા સાથે અંગ્રેજી ભાષામાં પણ આપવામાં આવશે.

આ બાબતે જિલ્લા શિક્ષણાધિકારીઓ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ તથા નગર શિક્ષણ સમિતિઓને સત્તાવાર સૂચનાઓ પાઠવવામાં આવી છે. અગાઉ અનેક વાલીઓ દ્વારા માંગ કરવામાં આવી હતી કે બાળકોને આપવામાં આવતા પ્રમાણપત્ર માત્ર ગુજરાતી ભાષામાં હોવાને કારણે અન્ય રાજ્યો અથવા અંગ્રેજી માધ્યમની શાળાઓમાં પ્રવેશ વખતે મુશ્કેલી ઊભી થાય છે. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને શિક્ષણ વિભાગે દ્વિભાષી પ્રમાણપત્રનો નિર્ણય લીધો છે. આ નિર્ણયથી રાજ્યભરના વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને મોટી રાહત મળશે. ખાસ કરીને જે વિદ્યાર્થીઓ અન્ય શહેરો અથવા રાજ્યોમાં સ્થળાંતર કરે છે અથવા અંગ્રેજી માધ્યમમાં આગળનું શિક્ષણ લેવાનું ઈચ્છે છે, તેઓ માટે હવે પ્રવેશ પ્રક્રિયા વધુ સરળ બનશે. શિક્ષણ વિભાગે તમામ સંબંધિત અધિકારીઓને સૂચના આપી છે કે નિયત કરેલા નમૂના મુજબ જ પ્રમાણપત્ર આપવાની પ્રક્રિયા અમલમાં મૂકી અને જરૂરી અનુસંગી કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવામાં આવે.

# સાવકા બાપે 7 વર્ષ સુધી દીકરી સાથે હવસ સંતોષી

**કિશોરીની માતાના પહેલા પતિના અવસાન બાદ પરિવારે બીજા લગ્ન રામજી ઠાકોર સાથે કરાવ્યા હતા**






સુરતઃ પનાસગામમાં સાવકા પિતાએ પોતાની જ માસૂમ દીકરી પર સાત વર્ષ સુધી સતત બળાત્કાર ગુજાર્યો હોવાની હકીકત સામે આવતા ચકચાર મચી ગઈ છે. અહીં રહેતા આ હવસખોર પિતાએ દીકરી માત્ર 9 વર્ષની હતી ત્યારથી જ તેના પર દાનત બગાડી હતી અને અવારનવાર એકલતાનો લાભ ઉઠાવી તેનું શારીરિક શોષણ કરતો રહ્યો હતો. આ બનાવની ફરિયાદ થતાં પોલીસે ગુનો નોંધીને આરોપીની શોધખોળ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ, ભોગ બનનાર કિશોરીની માતાના પ્રથમ પતિના અવસાન બાદ પરિવારજનોએ પાટણ જિલ્લાના અમિતપુર ગામના વતની રામજી ઠાકોર (નામ બદલ્યું છે) સાથે તેના બીજા લગ્ન કરાવ્યા હતા. રામજી સુરતના પનાસ વિસ્તારમાં પત્ની અને દીકરી સાથે રહેતો હતો. જોકે, છેલ્લા સાત વર્ષથી તે દીકરી સાથે શારીરિક અડપલાં કરી બળજબરીથી સંબંધ બાંધતો હતો. જો દીકરી કોઈને જાણ કરે તો તેને જાનથી મારી નાખવાની અથવા ઘરમાંથી કાઢી મૂકવાની ધમકી આપી ડરાવી રાખતો હતો. થોડા સમય અગાઉ આ પરિવાર પાટણ ખાતે એક લગ્ન પ્રસંગમાં ગયો હતો. ત્યાં પણ હવસખોર રામજીએ ઘરની લાઈટ બંધ કરી દીકરી પર બળજબરી કરી દુષ્કર્મ ગુજાર્યું હતું. સતત થતા અત્યાચારથી કંટાળેલી દીકરીએ અંતે હિંમત ભેગી કરી તેની માતાને સઘળી હકીકત જણાવી દીધી હતી. જેથી મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો હતો.

# એસટી બસ અચાનક આગનો ગોળો બની, 51 મુસાફરનો ચમત્કારી બચાવ

**સુરત-તરસાડી રૂટની એસટી બસ કાપોદ્રા જલારામ ફર્નિચર પાસેથી પસાર થતી હતી ત્યારે દોડાદોડી**

**એન્જિનમાં શોર્ટસર્કિટથી આગ લાગી, મુસાફરોને ડ્રાઈવરે બસમાંથી ઉતારી લીધા ને બસ ભડભડ સળગી ગઈ**



સુરતઃ વરાછા-કાપોદ્રા મેઈન રોડ પર સોમવારે રાત્રે એક ભયાનક દુર્ઘટના ઘટતા રહી ગઈ હતી. મંગળવારે રાત્રે ૯ વાગ્યે સુરત-તરસાડી રૂટની એસટી બસ જ્યારે કાપોદ્રા જલારામ ફર્નિચર પાસેથી પસાર થઈ રહી હતી, ત્યારે અચાનક એન્જિનના ભાગે શોર્ટ સર્કિટ થતા ધુમાડા નીકળવાનું શરૂ થયું હતું. ખતરો પારખી ગયેલા સતર્ક ડ્રાઈવરે સમયસૂચકતા વાપરી તુરંત જ બસ થોભાવી દીધી હતી અને તમામ 51 મુસાફરોને તાત્કાલિક નીચે ઉતારી લીધા હતા. મુસાફરો જેવી બસમાંથી બહાર નીકળ્યા કે ગણતરીની સેકન્ડોમાં જ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને જોતજોતામાં આખી બસ ભડભડ સળગી ઉઠી હતી.

આ આગની ઘટના પેટ્રોલ પંપની બિલકુલ નજીક બની હોવાથી સમગ્ર વિસ્તારમાં ફફડાટ વ્યાપી ગયો હતો અને મોટી હોનારત સર્જાવાનો ભય ઊભો થયો હતો. ઘટનાને પગલે ભારે ટ્રાફિક જામ સર્જાતા કાપોદ્રા ફાયર સ્ટેશનની ગાડીઓને રોંગ સાઈડમાં દોડવાની ફરજ પડી હતી. ફાયર ફાઈટરોની ત્રણ ગાડીઓએ ઘટનાસ્થળે પહોંચી અડધા કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. ડ્રાઈવરની સમયસૂચકતાને કારણે 51 મુસાફરોના જીવ તો બચી ગયા, પરંતુ આગ એટલી ભીષણ હતી કે બસ સંપૂર્ણપણે ખાખ થઈ ગઈ હતી.

# સુરતમાં ગરમીનો પ્રકોપ ફરી વધ્યો, તાપમાન 35.8 ડિગ્રી

**માવઠા બાદ ગરમીનો મિજાજ કડક બન્યો, પરંતુ અઠવાડિયા પછી રાહતની શક્યતા**

સુરતઃ સુરત શહેરમાં આજકાલ ગરમી ફરીથી પોતાની અસર દેખાડવા લાગી છે. આજે શહેરમાં મહત્તમ તાપમાન આંશિક વધીને 35.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન થોડું ઘટીને 21.8 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું હતું.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ હવામાં ભેજનું પ્રમાણ આશરે 36 ટકા નોંધાયું હતું, જેનાથી ગરમીનો અહેસાસ વધુ વધી રહ્યો છે. ઉપરાંત, ઉત્તર-પશ્ચિમ દિશામાંથી આશરે 10 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતો રહ્યો હતો, જેના કારણે વાતાવરણમાં થોડી હળવાશ અનુભવાઈ હતી. હાલમાં માવઠાની આગાહી પૂર્ણ થતાં જ ફરીથી ગરમીનો પ્રકોપ વધવાની શરૂઆત થઈ છે. છેલ્લા કેટલાક દિવસોથી તાપમાનમાં સતત વધારો નોંધાતા લોકોમાં ઉકળાટ અને ગરમીની તકલીફ વધી રહી છે. ખાસ કરીને બપોરના સમયે બહાર નીકળવું મુશ્કેલ બન્યું છે. હવામાન વિભાગના અનુમાન મુજબ, હાલ તો ગરમીમાં ધીમે ધીમે વધારો થતો રહેશે. જોકે, આગામી અઠવાડિયા બાદ તાપમાનમાં ઘટાડો થવાની સાથે વાતાવરણમાં ફરી પલટો આવી શકે છે. આ બદલાવથી લોકોને ગરમીમાંથી થોડી રાહત મળવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

# માતાએ ઠપકો આપતાં ધોરણ 11ની વિદ્યાર્થિનીનો આપઘાત

**16 વર્ષની વિભૂતિ ઘર પાસેની ગ્રાન્ટેટ સ્કૂલમાં ભણતી હતી**

સુરતઃ છાપરાભાઠામાં ભણવા બાબતે માતાએ ઠપકો આપતાં ધોરણ-11ની વિદ્યાર્થિનીએ ઝેર પીને આપઘાત કરી લીધો હતો. આગામી સમયમાં પરીક્ષા આવતી હોવાથી તેની માતાએ ભણવા બાબતે કહેતા વિભૂતિને માઠું લાગી આવ્યું હતું.

અમરેલીના વતની જયેશભાઈ ટાંક હાલ છાપરાભાઠા રોડ પર આવેલ નંદની કેતન રેસિડેન્સીના વાઈટ સોલિટર નામની બિલ્ડિંગમાં રહે છે. જયેશભાઈ કડિયા કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેના સંતાન પૈકી 16 વર્ષીય પુત્રી વિભૂતિ ઘર પાસે આવેલી ગ્રાન્ટેટ સ્કૂલના ધોરણ-11 કોમર્સમાં અભ્યાસ કરતી હતી. રવિવારે રાત્રે વિભૂતિએ ઘરમાં ઝેર પી લીધું હતું. બનાવની જાણ થતાં પરિવારજનો તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત નિપજ્યું હતું. આગામી સમયમાં સ્કૂલમાં વિભૂતિની પરીક્ષા આવવાની હતી, જેથી તેની માતાએ તેને ભણવા બાબતે ઠપકો આપ્યો હતો. આ વાતનું માઠું લગાવીને તેણે આપઘાતનું પગલું ભર્યું હોવાની શક્યતા તેના પરિવારે વ્યક્ત કરી હતી.

**એરપોર્ટ જમીન સંપાદન કેસમાં હાઇકોર્ટનો ઐતિહાસિક ચુકાદો**

# મગદલ્લાના ખેડૂતોને 27 વર્ષે ન્યાય મળ્યો

**કલમ 28(એ) હેઠળ વળતર નકારતો સંપાદન અધિકારીનો નિર્ણય રદઃ 8 અઠવાડિયામાં પુનઃ વિચારણા કરવા હુકમ**

**કલમ-4ના જાહેરનામાની તારીખો અલગ હતી, ખેડૂતોને માત્ર ટેકનિકલ તારીખોના આધારે ન્યાયથી વંચિત રાખી શકાય નહીં: ગુજરાત હાઇકોર્ટ**

સુરતઃ સુરત એરપોર્ટના વિસ્તૃતિકરણ માટે સંપાદિત કર વામાં આવેલી મગદલ્લા ગા મના ખેડૂતોની જમીનોના વળતર મુદ્દે ગુજરાત હાઈકોર્ટે એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે. જમીન સંપાદન અધિકારી દ્વારા ખેડૂતોની કલમ 28(એ) હેઠળની અરજીઓ જે ટેકનિકલ કારણોસર રદ કરવામાં આવી હતી, તેને હાઈકોર્ટે ગેર બંધારણીય ઠેરવી રદ કરી દીધી છે. આ સાથે જ કોર્ટે આગામી 8 અઠવાડિયામાં આ તમામ અરજીઓ પર કાયદા મુજબ નવેસરથી નિર્ણય લેવા આદેશ કરતાં વર્ષોથી ન્યાયની રાહ જોતા ખેડૂતો માટે વળતરનાં દ્વાર ખૂલ્યાં છે.

સુરતની સિવિલ કોર્ટથી લઈ હાઈકોર્ટ સુધી ખેડૂતો વતી લડત આપનાર ધારાશાસ્ત્રી નસીમ જી .કાદરીએ જણાવ્યું હતું કે, મગદલ્લા ગામની સરવે નં.42/2, 43/5, 43/4, 43/2 અને 42/1ની જમીનો માટે વર્ષ-1999માં સંપાદનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. તા.1-4-1999, જમીન સંપાદન ધારાની કલમ-4 હેઠળ જાહેરનામું પ્રસિદ્ધ થયું હતું. તા. 22-6-2001-જમીન સંપાદન અધિકારીએ એવોર્ડ જાહેર કરી પ્રતિ ચો.મી. માત્ર 17 બજાર કિંમત નક્કી કરી હતી. જે ખેડૂતોએ કલમ-18 હેઠળ સિવિલ કોર્ટમાં દાદ માંગી હતી. આ કેસમાં નસીમ જી. કાદરીની દલીલો ગ્રાહ્ય રાખી કોર્ટે વળતર વધારીને પ્રતિ ચો.મી. 203.50 નક્કી કર્યું હતું.

ખેડૂતો સમયસર સિવિલ કોર્ટમાં કેસ (લેન્ડ રેફરન્સ) દાખલ કરી શક્યા ન હતા, તેઓએ સમાન વળતર મેળવવા માટે કલમ 28(એ) હેઠળ જમીન સંપાદન અધિકારીને અરજી કરી હતી. મગદલ્લાના ખેડૂતોના કેસમાં અધિકારીએ અરજીઓ રદ કરી હતી. કારણ કે, કલમ-4 ના જાહેરનામાની તારીખો અલગ હતી. પરંતુ હાઈકોર્ટે એ જોયું કે, જમીનનો હેતુ (એરપોર્ટ) એક જ હતો. અંતિમ એવોર્ડ એક જ તારીખે જાહેર થયો હતો. ખેડૂતોને માત્ર ટેકનિકલ તારીખોના આધારે ન્યાયથી વંચિત રાખી શકાય નહીં.

### ભલે એવોર્ડ એક જ તારીખે જાહેર થયો હોય 'નિર્ણય યોગ્ય નથી: હાઈકોર્ટની લપડાક

જમીન સંપાદન અધિકારીના આ નકારાત્મક નિર્ણયને મગદલ્લાના ખાતેદારોએ ડો.નસીમ જી.કાદરી અને કે.એમ.શેઠ મારફતે હાઈકોર્ટમાં પડકાર્યો હતો. જસ્ટિસ દિવ્યેશ એ.જોષીની કોર્ટે તા.6-3-2026ના રોજ આ મામલે કડક વલણ અપનાવ્યું હતું. જમીન સંપાદન અધિકારીનો અગાઉનો નિર્ણય કાયદાકીય દૃષ્ટિએ યોગ્ય નથી. અરજદારોની અરજીઓ પર કાયદાના દાયરામાં રહી ઝડપથી અને પ્રાથમિકતાના ધોરણે પુનઃ વિચારણા કરવી જરૂરી છે.

### હવે આગળ શું થઈ શકે?

૧. પુનઃ તપાસઃ આગામી 8 અઠવાડિયામાં સુરત જમીન સંપાદન અધિકારીએ દરેક અરજદારની ફાઈલ ફરીથી ખોલવી પડશે.
૨. નવો એવોર્ડઃ અધિકારીએ હાઈકોર્ટના આદેશ મુજબ નવો 'સપ્લિમેન્ટરી એવોર્ડ' તૈયાર કરવો પડશે.
૩. ચૂકવણુંઃ નવો એવોર્ડ જાહેર થયા બાદ સરકાર દ્વારા વધારાની રકમ ખેડૂતોના ખાતામાં જમા કરાવવાની પ્રક્રિયા શરૂ કરવી પડશે.

# નવી સિવિલમાં હાડકાંના ટ્યુમરનું સફળ ઓપરેશન

**ખાનગી હોસ્પિટલમાં 3થી 6 લાખ ખર્ચ થાય છે તે સર્જરી ફ્રીમાં થઇ**

સુરતઃ ઉધના વિસ્તારમાં રહેતા ૪૯ વર્ષીય જિતેશકુમાર ખાખીવાળા બાળપણમાં થયેલા અકસ્માત બાદ પગના ફ્રેક્ચર બાદ છેલ્લા ઘણા વર્ષોથી અસહ્ય પીડા સાથે જીવન વિતાવી રહ્યા હતા. દવાઓ અને અન્ય સારવારથી પણ રાહત ન મળતાં તેઓ નિરાશ થઈ ગયા હતા.

ગત ૧૮ ડિસેમ્બરે તેઓ સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે પહોંચ્યા હતા. ત્યાં કરાયેલી બાયોપ્સીમાં તેમને એડામેન્ટિનોમા નામના અત્યંત દુર્લભ (રેર) હાડકાના ટ્યુમરનું નિદાન થયું હતું. આ સાંભળીને પરિવારજનો ચોંકી ઉઠ્યા હતા. ખાનગી હોસ્પિટલોમાં આવી જટિલ સારવાર માટે ૩થી ૬ લાખ કે તેથી વધુ રૂપિયાનો ખર્ચ આવવાનું જાણીને તેઓ વધુ ચિંતિત થયા, કારણ કે તેમની આર્થિક સ્થિતિ સારી નહોતી.

આખરે નવી સિવિલ હોસ્પિટલના તબીબોની ટીમે આગળ વધ્યું હતું અને પ્લાસ્ટિક સર્જરી વિભાગના ડો. નિલેશ કાછડીયા, ઓર્થોપેડિક ઓન્કોલોજી વિભાગના ડો. રાહુલ પરમાર સહિતના ત્રણ વિભાગના નિષ્ણાત ડોક્ટરોની ટીમે લગભગ ૪-૫ કલાકની જટિલ સર્જરી કરી હતી. સર્જરી દરમિયાન ટિબિયા હાડકીના અસરગ્રસ્ત ભાગને સંપૂર્ણપણે દૂર કરવામાં આવ્યો અને દર્દીના બંને પગની ફિબ્યુલા હાડકીઓનો ઉપયોગ કરીને ટિબિયા હાડકીનું પુનઃનિર્માણ કરવામાં આવ્યું હતું.